ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૭.૦ ડીગ્રી
લઘુતમ : ૨૮.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૯ ટકા ● સાંજે ૪૮ ટકા

### ઓઈલ મિક્સ પેટ્રોલ ભરી આપતા શહેરના એકમાત્ર

# સે. ૨૧ના પંપ પર ફિલીંગ કર્મચારીની ગેરહાજરીથી વાહનચાલકો ત્રસ્ત થયા

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરમાં ટુ-વ્હિલર ચાલકોની સંખ્યા ખૂબ મોટી છે. એક સમય હતો જ્યારે શહેરમાં મોપેડની સંખ્યા ખૂબજ મોટા પ્રમાણમાં હતી જેનુ સ્થાન હવે ગીયરલેસ સ્કૂટર્સ અને બાઈકે લીધું છે. જોકે હજુ પણ શહેરમાં અનેક નાગરિકો પાસે મોપેડ તથા ગીયરવાળા સ્કૂટર્સ જોવા મળે છે જેમાં પેટ્રોલ સાથે ઓઈલ ભેળવીને ફ્યુઅલ ટેંકમાં પુરવાનું હોય છે. શહેરમાં પેટ્રોલ સાથે ઓઈલ ભેળવીને જ ઈંધણ પુરી આપતો એક માત્ર પેટ્રોલ પંપ સેક્ટર-૨૧નો કલ્પતરૂ ફિલીંગ સ્ટેશન છે જ્યાં આજે બપોરે કર્મચારીની ગેરહાજરીના કારણે અંદાજે એકથી દોઢ કલાક સુધી ઓઈલ મિક્સ પેટ્રોલ ભરી આપવાની સેવા બંધ રહેતા વાહનચાલકોને હાલાકી ભોગવવી પડી હતી.

શહેરમાં હજુ પણ નોંધપાત્ર સંખ્યામાં ગીયરવાળા સ્કૂટર તથા મોપેડ છે જેમાં ઓઈલ મિક્સ પેટ્રોલનું ઈંધણ પુરવામાં આવે છે જ્યારે અત્યારના આધુનિક ગીયરલેસ સ્કૂટર્સમાં પેટ્રોલ અને ઓઈલ ભરવાની અલગ અલગ જગ્યા હોય છે. આમ તો દરેક પેટ્રોલ પંપ પર પેટ્રોલ તેમજ અલગથી ઓઈલનું પણ વેચાણ થતુ જ હોય છે પરંતુ સેક્ટર-૨૧ના એકમાત્ર કલ્પતરૂ પેટ્રોલ પંપ પર હજુ પણ ઓઈલ મિક્સ પેટ્રોલ પુરી સેવા આપવામાં આવે છે તેથી આવા વાહનચાલકોની ત્યાં લાઈન લાગતી હોય છે. આ સ્થિતિમાં આજે બપોરના સુમારે ફિલીંગ કર્મચારીની ગેરહાજરીને કારણે ઓઈલ મિક્સ પેટ્રોલ ભરી આપવાની સેવા સ્થગિત થઈ જવા પામી હતી. આ કારણે આ પ્રકારના વાહનચાલકોને ભારે પરેશાની વેઠવાનો વારો આવ્યો હતો.

# સહકારી સંસ્થાઓ થકી દેશમાં કૃષિ ઉદ્યોગનો સર્વાંગી વિકાસ : દિલીપ સંઘાણી




## ઈફ્કોના વાઈસ ચેરમેન પદે બીનહરિફ ચુંટાતા દિલીપ સંઘાણીનો સન્માન સમારંભ યોજાયો

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાતના કર્મઠ સહકારી અગ્રણી અને દેશની સહકારી ચળવળમાં ગુજરાતનું નામ રોશન કરવામાં યોગદાન આપનાર દિલીપભાઈ સંઘાણીની જાણીતી સહકારી સંસ્થા ઈફ્કોના વાઈસ ચેરમેન પદે બીન હરિફ વરણી થતાં સેક્ટર-૧૨માં ઉમિયા માતાજી સંસ્થાન ખાતે તેમનો સન્માન તથા સ્નેહમિલન સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે તેમણે જણાવ્યુ હતુ કે 'દેશમાં સહકારી સંસ્થાઓ દ્વારા કૃષિ ઉદ્યોગનો સર્વાંગી વિકાસ થયો છે અને કૃષિ આધારિત જ તમામ ઉદ્યોગ ધંધાનો આધાર રહ્યો છે.'

દિલીપભાઈ સંઘાણીએ આ તબક્કે કૃષિ આધારિત રોજગારી સર્જન અંગે વિસ્તૃત વાત કરી હતી તેમજ રાષ્ટ્રપિતા પૂ. બાપુએ આપેલા 'સ્વદેશી અપનાઓ દેશ બચાવો'ના નારા સાથે ગુજકોમાસોલ જેવી સંસ્થાઓ દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓ સહકારી ધોરણે ગ્રામ્ય વિસ્તાર સુધી પહોંચાડવાનું ઉમદા કાર્ય કરવા ઉપસ્થિત સહકારી અગ્રણીઓને અપીલ કરી હતી. આ પ્રસંગે પૂર્વ સહકારી મંત્રી વાડીભાઈ પટેલ, મધુર ડેરીના ચેરમેન ડૉ. શંકરસિંહ રાણા સહિત, જિલ્લાના સહકારી અગ્રણીઓ કોદરભાઈ પટેલ, રસિકલાલ પટેલ, લાલભાઈ પટેલ, પરેશભાઈ પટેલ, મનુભાઈ પટેલ, બકાભાઈ પટેલ, ભાવેશ પટેલ, નવિનચંદ્ર પટેલ, જીતુભાઈ પટેલ તથા સહકારી મંડળીઓના હોદ્દેદારો વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા અને દિલીપભાઈ સંઘાણીનું ફુલહાર-પુષ્પગુચ્છ વગેરેથી સન્માન કર્યુ હતુ.

# સ્વર્ણિમ સ્ટાર્ટઅપ અને ઈનોવેશન યુનિવર્સિટી દ્વારા ગ્રામ્ય ક્ષેત્રે વિનામૂલ્યે ફિઝિયોથેરાપી મેડિકલ કેમ્પ

ગાંધીનગર, તા.૨૭

આ આધુનિક યુગમાં, જ્યાં ટેકનોલોજી ઉચ્ચ ગતિએ આગળ વધી રહી છે ત્યારે લોકોની જીવનશૈલી બેઠાડુ થઈ રહી છે અને વિવિધ રોગો પેદા કરી રહી છે. અગાઉ લોકો મોટાભાગના રોગ માટે દવા લેતા હતા પરંતુ તેની પોતાની આડઅસર હતી. અત્યારે જયારે વિજ્ઞાન એ આરોગ્ય સંભાળ અને દર્દીઓની સારવારના નવા રસ્તાઓ તરફ આગળ વધી રહ્યું છે ત્યારે જાણીતા માર્ગો પૈકીનું એક જે તેનું નામ પ્રખ્યાત થઈ રહ્યું છે તે ફિઝિયોથેરપી છે. આમાં ચિકિત્સક દર્દીને મૂળભૂત રીતે વ્યાયામ કરાવી ને સારવાર આપે છે. શારીરિક ઉપચાર એ ફિઝિયોથેરપીનું બીજું નામ છે. તે સૌથી ઝડપી વિકાસશીલ ક્ષેત્ર છે, જેમાં દવાઓનો ઉપયોગ નહિવત કરવામાં આવે છે. ફિઝિયોથેરાપીનો ઈતિહાસ પ્રાચીન સમયમાં શોધી શકાય છે. ફિઝિયોથેરપી એક સ્વતંત્ર સ્વાસ્થ્ય વ્યવસાય છે જે મુખ્યત્વે લોકોમાં ચળવળના ડિસફંક્શન અટકાવવા અથવા નિવારણ તરફ નિર્દેશિત છે. દર્દીના સ્વાસ્થ્યને સુધારવા માટે તે પીડાને ઘટાડવા, ચળવળ સુધારવા અને કાર્યક્ષમતાને પુનર્સ્થાપિત કરવા માટેનો બિન-સર્જિકલ સારવાર પ્રક્રિયા છે. ફિઝિયોથેરાપીસને હૉસ્પિટલના દરેક વિભાગમાં આવશ્યક છે, તે આઈસીયુ અથવા જિઆટ્રિક્ટિક્સ હોવું જોઈએ અને તેઓ સ્વતંત્ર રીતે કામ કરવા અથવા બહુસાંસ્કૃતિક ટીમનો ભાગ બનવાનું પણ પસંદ કરી શકે છે. તમે દરરોજ કામ કરતા કલાકોની સંખ્યા પસંદ કરીને, સલાહકાર તરીકે કાર્યક્ષમ કલાકોનો આનંદ માણશો.

તેઓ ઉદ્યોગમાં વિશાળ શ્રેણીમાં કામ કરી શકે છે જેમ કે ફિટનેસ ઉદ્યોગ, નર્સિંગ હોમ્સ, વૃદ્ધાવસ્થા ઘર, સમુદાય આરોગ્ય સંભાળ, માનસિક રીતે પડકારવાળા બાળકો માટે વિશેષ શાળાઓ. વિનસ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફિઝિયોથેરાપી - સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા ફિઝિયોથેરાપી નિષ્ણાંત ડોકટરો દ્વારા કોલેજ કેમ્પસમાં ૦૮ જુલાઈ, સોમવાર ૨૦૧૯ ના રોજ મેગા ફ્રી ફિઝિયોથેરપી મેડિકલ કેમ્પનું આયોજન કરશે. કેમ્પમાં આર્થ્રાઈટિસ, સ્પૉન્ડિલાઈટીસ, ફ્રોઝન શોલ્ડર, સ્લિપ ડિસ્ક, સાયટૅટિકા, ટેનિસ એલબો, સ્ટ્રોક, સીઓપીડી, માનસિક વિકલાંગ બાળકો, ડિજનરેટિવ રોગો, ઓબ્સ અને જ્ઞાની સંબંધિત સમસ્યાઓ જેવા તમામ રોગો, ઓપરેશન્સ પછી ની તકલીફો ની સારવાર એક જ છત હેઠળ વિનામૂલ્યે સારવાર કરવામાં આવશે. આ સેવાઓ કોલેજમાં ફિઝિયોથેરાપીસ્ટના નિષ્ણાત પેનલ ડૉ. અરવિંદ ચૌહાણ (ઓર્થોપેડિક્સ ફિઝિયોથેરાપિસ્ટ), ડૉ. અંકિત સિન્હા (સ્પોર્ટ્સ ફિઝિયોથેરાપિસ્ટ), ડૉ. હિરેન ડામોર (રિહેબિલિટિશન ફિઝિયોથેરાપિસ્ટ) અને ડો. સોહેલ કાદારી (કાર્ડિયો ફિઝિયોથેરાપીસ્ટ), ડૉ. ક્રુપા સુથાર (પુનર્વસન ફિઝિયોથેરાપીસ્ટ), ડૉ. રુચી (ન્યુરો ફિઝિયોથેરાપીસ્ટ) અને ડૉ. મૌસમ અમીન દ્વારા આપવામાં આવશે.

# સ્માર્ટ પોલ પર જાહેરાતકારોએ અજમાવ્યો "સ્માર્ટ" અખતરો..!




ગાંધીનગર, તા. ૨૬

છેલ્લાં ચારેક વર્ષથી ગુજરાતના પાટનગરને "સ્માર્ટ સિટી" બનાવવા તંત્રએ કમર કસી છે. જોકે તંત્રએ આ બાબતે હકીકતમાં કેટલી કમર કસી છે, કેટલી ઢીલી છોડી છે તે એક આખો ચર્ચાનો વિષય છે પરંતુ શહેરના જાહેરાતકારો જરૂર પોતાને "સ્માર્ટ" સમજે છે. શહેરમાં "સ્માર્ટ સિટી" પ્રોજેક્ટ અંતર્ગત અનેક સર્કલો પાસે "સ્માર્ટ" પોલ લગાડાયાં છે જેને લગાડે હજુ "જુમ્મે કે જુમ્મે સાત દિન" થયા નથી ત્યાં તો તેના પર જાહેરાતના બેનર તથા પોસ્ટર્સ પણ લાગવાનું શરૂ થઈ ગયું છે.

ગાંધીનગરને અનેક પ્રયાસો પછી પણ ગેરકાયદેસર રીતે લગાડવામાં આવતા પોસ્ટર્સ-બેનર્સ તથા હોર્ડિંગ્સથી મુક્ત કરી શકાયું નથી. આ માટે અનેકવાર પોસ્ટર્સ બેનર્સ ઉતારી લેવાની કવાયતો હાથ ધરાઈ, જાહેરાતકર્તાઓને દંડવામાં પણ આવ્યાં છતાં હજુ પણ જાહેરાતકારો બિન્દાસ્તપણે મનફાવે ત્યાં જાહેરાતના પોસ્ટર્સ કે બેનર્સ લગાડી દેતા અચકાતા નથી. શહેરના મુખ્યમાર્ગો પર સ્ટ્રીટલાઈટના થાંભલે મંજૂરી વગર લગાડી દેવામાં આવતા હોર્ડિંગ્સથી વાહનચાલકોને પરેશાનીનો સામનો કરવો પડે છે. હજુ તંત્ર આ સમસ્યા સામે પગલાં ભરી ભરીને થાક્યું નથી ત્યાં તો શહેરમાં "સ્માર્ટસિટી" પ્રોજેક્ટ અંતર્ગત હજુ હાલમાં જ લગાડવામાં આવેલા "સ્માર્ટપોલ" પર પણ હોર્ડિંગ્સ લાગવા શરૂ થઈ ગયાં છે. "સ્માર્ટપોલ" એ ગાંધીનગરમાં વાઈ-ફાઈથી માંડીને હવામાનની માહિતી, પબ્લિક એનાઉન્સમેન્ટ સિસ્ટમ ઉપરાંત તેના ખાસ "પેનિક બટન" દ્વારા આકસ્મિક આપત્તિ સમયે ઝડપથી બચાવકાર્ય હાથ ધરી શકાય તેવી સેવા પુરી પાડવા સજ્જ કરાયા છે તે "સ્માર્ટ" પોલ પર પણ હવે જાહેરાતના હોર્ડિંગ્સ લાગતા એ સ્પષ્ટ થઈ યુ છે કે જાહેરાતકારો પોતાને તંત્ર કરતા પણ વધુ "સ્માર્ટ" સમજે છે.

# જનક્ષત્રિય દંઢાવ્ય કેળવણી ટ્રસ્ટ દ્વારા ચોપડા વિતરણ

ગાંધીનગર, તા. ૨૭

જનક્ષત્રિય દંઢાવ્ય કેળવણી મંડળ ટ્રસ્ટ દ્વારા ધોરણ ૧ થી ૧૨ સુધીના વિદ્યાર્થીઓ અમદાવાદના કાર્યાલય પરથી ચોપડા વિતરણ દર વર્ષની જેમ કરવામાં આવે છે માર્કશીટની બે નકલમાં દરરોજ બે થી પાંચ અને રવિવારે દશથી સાડા બાર વાગ્યા સુધી મેળવી શકાશે.

સ્નાતક અને અનુસ્નાતકની માર્કશીટ પણ સમય મર્યાદામાં આપવી જેથી મેરીટ મુજબ ચંદ્રક માટે ગણતરી લેવામાં સરળતા રહે. સંસ્થાના મંત્રી મહેન્દ્રભાઈ કે. ચૌહાણ જણાવ્યું છે.

# કુડાસણ ખાતે નિઃશુલ્ક એક્યુપ્રેશર સર્વરોગ નિદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૨૭

કુડાસણ ખાતે તા. ૨૯ જુનના રોજ વાઘેશ્વરી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વિનામૂલ્યે એક્યુપ્રેશર સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. સવારે ૧૦ થી ૧૨.૩૦ તથા સાંજે ૪ થી ૭ કલાક દરમ્યાન હરિગોલ્ડ એપાર્ટમેન્ટ, દુકાન નં. જી-૧૨૧ ખાતે યોજાનાર કેમ્પમાં કમરદર્દ, મણકા, સાંધા, ગરદન, માથુ, હાથ-પગનો દુખાવો, વા, નસ, ગેસ તેમજ માનસિક બિમારી સહિત અન્ય રોગો માટે સુજોક થેરાપી, એક્યુપંચર, મેગ્નેટ થેરાપી અનો એક્યુપ્રેસર થેરાપીનો ઉપયોગ કરીને નિદાન કરી આપવામાં આવશે. સંસ્થા દ્વારા નગરજનોને કેમ્પનો લાભ લેવા જણાવાયું છે.

# શહેરમાં રાયફલ શૂટિંગ સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર ડિસ્ટ્રીક રાયફલ અસોસિએશન દ્વારા ૩૦મી એર રાયફલ શૂટિંગ સ્પર્ધાનું આયોજન તા. ૨૯ જુલાઈ અને ૩૦મી જુલાઈના રોજ યોજાશે. સવારે ૯ થી ૪ દરમ્યાન સ્વામી વિવેકાનંદ હાઈસ્કૂલ સે. ૧૨ ખાતે યોજાનાર સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક શાળા, કોલેજ, સંસ્થાઓ તથા ઓપન વિભાગના સ્પર્ધકોએ પોતાની વિગતો ભરી તા. ૨૮ જુન સુધી જમા કરાવવાની રહેશે. આ ઉપરાંત સ્પર્ધાના દિવસે સ્થળ પર પણ રજીસ્ટ્રેશન કરાવી શકાશે.

રાયફલ શૂટીંગ સ્પર્ધામાં યુથ માટે ૧૨ થી ૧૮ વર્ષ, જુનિયર ૧૮ થી ૨૧ વર્ષ, સિનિયર/ઓપન ૨૧ વર્ષની ઉપરના સ્પર્ધકો ભાગ લઈ શકશે. મેચ ૧૦ મીટર એર રાયફલ/પિસ્તલ ઈવેન્ટમાં યોજાશે. સંસ્થાના પ્રમુખ મહેશભાઈ સોલંકી અને સેક્રેટરી હિતેન્દ્રસિંહ રાઠોડના જણાવ્યા મુજબ સ્પર્ધકોએ પોતાના જોખમે અને જવાબદારીથી સ્પર્ધામાં ભાગ લેવાનો રહેશે અને ઉંમર માટે ૩૧ ડિસેમ્બર ૨૦૧૯ સુધીની ઉંમર ગણવાની રહેશે. રજીસ્ટ્રેશન સાથે જમ્મ તારીખનો આધાર જોડવાનો રહેશે તથા એન્ટ્રી માટે ગજેન્દ્રસિંહ બારડ મો. ૮૮૬૬૮૮૭૭૯૯નો સંપર્ક કરવા જણાવાયુ છે. નોંધનીય છે કે શનિવારે પણ સ્થળ પર પણ રજીસ્ટ્રેશન કરાવી શકાશે.

# સેક્ટર-૨૫ના જાહેર ઉદ્યાનમાં વિશ્વયોગની ઉજવણી કરાઈ



ગાંધીનગર, તા. ૨૭

વિશ્વયોગ દિવસની ઉજવણી અંતર્ગત સેક્ટર-૨૫ સહકાર કોલોનીના બગીચામાં કાનૂની યોગ શિક્ષણ શિબિરનું આયોજન જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના પેરાલીગલ એડવાઈઝર કમિટીના શ્રીમતી વિમળાબેન અયામીની રાહબરી હેઠળ યોજાઈ હતી. આ યોગ શિબિરમાં વી.કેર ફાઉન્ડેશનના ચેમરેન યોગ નિષ્ણાત, મોટીવેશનલ જે.સી. પટેલ દ્વારા ૩૦૦ જેટલા બાળકોને લાફીંગ એક્સરસાઈઝ કરાવી સુંદર માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

આ યોગ શિબિરમાં સે. ૨૫ના વસાહતી ભાઈ-બહેનો ક્રિષ્ના હોસ્ટેલ, યુવા હોસ્ટેલ, કુમાર છાત્રાલયના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. યોગ શિબિરમાં પેરાલીગલ વોલન્ટીયર સુધીરભાઈ દેસાઈ, નટુભાઈ પટેલ (પત્રકાર), કુ. ખુશાલી વ્યાસ હાજ રહી પ્રોત્સાહન પુરૂ પાડ્યુ હતુ. મુખ્ય મહેમાનપદે પૂર્વ કોર્પોરેટર સુરેશભાઈ મહેતા, ક્રિષ્ના હોસ્ટેલના પ્રમુખ ભીખાભાઈ ચૌધરી, અશોકભાઈ ત્રિવેદી, પ્રકાશભાઈ અયામી, સોનલબેન રાવલ, અશ્વિન અયામી, સુધાબેન પટેલ હાજર રહ્યા હતા.

### મહેશ્વરી સ્પોર્ટસ એકેડેમીની ત્રણ તાલીમાર્થીની

# રાષ્ટ્રીય કક્ષાની ડ્યુબૉલ ટૂર્નામેન્ટ માટે પસંદગી



ગાંધીનગર, તા. ૨૬

પંજાબના રોપર ખાતે આંતરરાષ્ટ્રીય ચતુષ્કોણીય ડ્યુબૉલ ચેમ્પિયનશીપ ૨૦૧૯ તથા ૭મી સિનીયર નેશનલ ડ્યુબૉલ ચેમ્પિયનશીપ ૨૦૧૯ આજથી શરૂ થઈ છે. આ ટૂર્નામેન્ટમાં ગાંધીનગરની મહેશ્વરી સ્પોર્ટ્સ એકેડેમીની ત્રણ મહિલા ખેલાડીઓ ભાગ લઈ શહેરનું ગૌરવ વધારી રહી છે.

ગાંધીનગરના વાવોલ-કોલવડા રોડ સ્થિત મહેશ્વરી સ્પોર્ટ્સ એકેડેમીની ૩ ગર્લ્સ ખેલાડી કૃતિકા ધુમાલ, પલક ચાનસોરિયા તથા અનુપમા રાજપૂતની પંજાબના રોપરમાં રૂપનગર ગર્વમેન્ટ કોલેજ ખાતે યોજાઈ રહેલ સિનિયર નેશનલ ડ્યુબૉલ ચેમ્પિયનશીપમાં ભાગ લેવા પહોંચી છે. આ ત્રણેય ખેલાડીઓને મહેશ્વરી સ્પોર્ટ્સ એકેડેમીના સેક્રેટરી તથા સ્પોર્ટ્સ ટીચર મહેશ્વરી ધુમાલ તથા પ્રમુખ શશિ મોહન ધુમાલે અભિનંદન સાથે શુભેચ્છા પાઠવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે રાષ્ટ્રીય કક્ષાની આ ટુર્નામેન્ટનું તા. ૨૭મી થી તા. ૩૦ જુન સુધી આયોજન કરવામાં આવી છે.

# ગાંધીનગરમાં સ્ટુડન્ટ પોલીસ કેડેટ્સ પ્રોજેકટનો પ્રારંભ થશે

ગાંધીનગર, તા.૨૭

કેન્દ્રીય ગૃહ વિભાગ દ્વારા પ્રારંભ કરાયેલા સ્ટુડન્ટ પોલીસ કેડેટ પ્રોજેકટ હેઠળ હવે ગાંધીનગર જિલ્લામાં પણ આ પ્રોજેકટ શરુ કરાશે. બે વર્ષ સુધી ચાલનારા પ્રોજેકટમાં પ્રથમ વર્ષના કેડેટસ જુનિયર અને બીજા વર્ષના કેડેટસ સિનિયર કેડેટેસ તરીકે ઓળખ પામશે.તમામ બેચમાં ૨૨ છોકરા અને ૨૨ છોકરીઓની પ્લાટુન તૈયાર કરાશે.જેમાં ગાંધીનગર જિલ્લામાં દરેક પોલીસ સ્ટેશનને પોતાના વિસ્તારની એક સ્કુલની જવાબદારી આપવામાં આવી છે. જેમાં એક પીએસઆઈ નોડલ અધિકારી તરીકે નીમાશે. એટલે કે જિલ્લાના મહિલા પોલીસ સ્ટેશન સહિત ૧૪ પોલીસ સ્ટેશન દ્વારા ૬૧૬ કેડેટ્સ તૈયાર કરાશે.

ધોરણ-૮ ના વિદ્યાર્થીઓની પસંદગી કરીને તેને કેડેટ તરીકે તાલિમ આપવામાં આવશે. જે ધોરણ-૧૨ સુધી કેડેટ તરીકે સક્રિય રહેશે. હાલ જિલ્લાની નક્કી કરાયેલી શાળાઓમાં કેડેટસની પસંદગી પ્રક્રિયા ચાલી રહી છે. પસંદગી બાદ કેડેટસને આઉટડોર અને ઈન્ડોર તાલિમ આપવામાં આવશે.

જેમાં પ્રોજેકટ અંતર્ગત ચાર લેકચર લેવામાં આવશે, આઉટડોર તાલિમમાં પોલીસ વિદ્યાર્થીઓને પી.ટી., યોગા, પરેડ, ડ્રીલ, કસરત કરાવવામાં આવશે. જયારે ઈન્ડોરમાં શાળાના શિક્ષકો વિદ્યાર્થીઓને કુદરતી અભ્યાસ, મુલ્યો, કોમ્યુનિકેશન, સંદેશા વ્યવહાર, કાયદો અને નાગરીકત્વ, ટ્રાફિક જાગૃતિ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ, આરોગ્ય અને સ્વચ્છતા જેવા વિષયો શિખવાડીને યુનિફોર્મ આપવામાં આવશે. જેમાં કેડેટને પોલીસ યુનિફોર્મ, લોઅર પેન્ટ, અપર ટીશર્ટ, બ્લેટ, વ્હીસલ, એસપીસી લખેલ મોનોગ્રામ, લોઅર માટે સફેદ તેમજ કાળા બુટ તેમજ ટોપી સહિતની સામાન આપવામાં આવશે.

### સ્ટુડન્ટ પોલીસ કેડેટસ પ્રોજેક્ટ યોજનાનો મુખ્ય હેતુ શું છે

- શૈક્ષણિક અને સુરક્ષા તંત્ર વચ્ચે સર્જનાત્મક જોડાણ કરવું
- યુવાનોને કાયદા પ્રત્યે માન અને કાયદાનું પાલન સાથેનું જીવન જીવવા તૈયાર કરવા.
- શાળામાં સુરક્ષિત વાતાવરણનું નિર્માણ થશે.
- કેડેટને નકારાત્મક અભિગમો જેવા કે અસહિષ્ણુતા, છેડતી, અશોભનીય વર્તન , હિંસાનો પ્રતિકાર કરવા સમર્થ બનાવાશે.

# કવિ ભાનુપ્રસાદ પુરાણી રચિત ગીતોનો કાર્યક્રમ "કવિનો શબ્દ... ઢળતી સાંજે"નું આયોજન

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગરના કવિ ભાનુપ્રસાદ પુરાણી પોતાના જીવનના ૮૧માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યાં છે. તે નિમિત્તે તેમણે રચેલાં ગીતોના શબ્દને સૂર સાથે સંગીતમાં ઢાળી ભારત સરકારની સાંસ્કૃતિક કાઉન્સિલના માન્ય કલાકાર સુરેશ રત્નોત્તર તથા સાથીઓની સંગતે કાર્યક્રમ "કવિનો શબ્દ... ઢળતી સાંજે"'નું આયોજન કરવામાં આવ્યું છે. ત્રીદલ સંસ્થા દ્વારા આ કાર્યક્રમનું આયોજન તા. ૭મી જુલાઈના રોજ સેક્ટર-૨૩માં બ્રહ્માણી કૃપા હોલ ખાતે બપોરે ૩.૩૦ કલાકે કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમનું સંકલન સંત પરંપરાના સાધક લબ્ધ પ્રસિદ્ધ કવિ દલપત પઢિયાર કરશે. આ કાર્યક્રમમાં અરૂણ બુચ, દોલત ભટ્ટ, ભરત કવિ, કૃષ્ણકાન્ત જહા, હરિકૃષ્ણ પાઠક, નટવર હેડાઉ જેવા અગ્રણીઓ પણ ઉપસ્થિત રહેશે. ઉલ્લેખનીય છે કે તેજ દિવસે ભાનુપ્રસાદ પુરાણીના પુત્ર મયૂર પુરાણી જીવનના ૫૦ વર્ષ પૂર્ણ કરી વન પ્રવેશ કરી રહ્યાં છે.

# અલ્પેશ ઠાકોર અને ધવલસિંહ ટૂંકમાં જ ભાજપમાં જોડાઈ શકે

અમદાવાદ,તા. ૨૭

ગુજરાતમાં તા.૫ મી જુલાઈના રોજ રાજ્યસભાની બે બેઠકો માટે પેટાચૂંટણી યોજાવાની છે ત્યારે આ ચૂંટણીને લઈ કોંગ્રેસ તેના તમામ ૭૧ ધારાસભ્યોને વ્હીપ આપશે. આ સંજોગોમાં કોંગ્રેસમાંથી ચૂંટાયેલા રાધનપુરના ધારાસભ્ય અલ્પેશ ઠાકોર જો વ્હીપનો અનાદર કરીને ભાજપના ઉમેદવારને મત આપે તો છ વર્ષ માટે તે ગેરલાયક ઠરશે. તેથી અલ્પેશ ઠાકોર અને બાયડના ધારાસભ્ય ધવલસિંહ ઝાલા તા.૫ જુલાઈ સુધીમાં ભાજપમાં જોડાય તેવી શકયતા સેવાઈ રહી છે અને આ અંગેની અટકળો ફરી એકવાર તેજ બની છે. તો, આ બંને ધારાસભ્યોની ખાલી પડનારી બંને બેઠકોની પેટાચૂંટણી અન્ય ૬ પેટાચૂંટણી સાથે ઓકટોબર-નવેમ્બરમાં યોજાય તેવી ગણતરી સાથે પણ ભાજપ તેની રાજકીય વ્યૂહરચના અમલી બનાવવામાં જોતરાયું છે.

ભાજપ સ્થાનિક સ્વરાજની હાલની ચૂંટણીઓ પૂર્ણ થયા બાદ વિધાનસભાની પેટાચૂંટણી પણ ડિસેમ્બર સુધીમાં પૂર્ણ કરાવવા રણનીતિ ઘડી રહ્યું છે. ગુજરાતમાં વિધાનસભાની ખાલી પડેલી પાંચ બેઠકોની પેટાચૂંટણી દિવાળી પહેલા યોજાય તેવી શક્યતાઓ છે, ત્યારે આ પેટાચૂંટણીની સાથે રાધનપુર અને બાયડ વિધાનસભાની પેટાચૂંટણી પણ થાય તે દિશામાં ભાજપ પ્રયાસો કરી રહ્યું છે. લોકસભા ચૂંટણીમાં ભાજપના ચાર ધારાસભ્યોનો વિજય થતાં અમરાઈવાડી, થરાદ, ખેરાલુ અને લુણાવાડા બેઠક ખાલી થઈ છે.

### ચિરવિદાય

- સ્વ. પટેલ દિનેશભાઈ બાબુભાઈ ઉ.વ. ૫૬
- વાઘેલા નટવરસિંહ વરવાજી ઉ.વ. ૬૦